| | | દાખલ તારીખ | ૧૧/૧૦/૨૦૨૩ |
|---|---|---|---|
| | सत्यमेव जयते | નોંધ્યા તારીખ | ૧૧/૧૦/૨૦૨૩ |
| | | ચુકાદા તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| | | સમયગાળો | વર્ષ મહીનો દીવસ<br>૦૨ ૦૬ ૦૬ |

ફો.કેસ.નં.૨૨૬૬/૨૦૨૩

**આંક-**

**મહીસાગર જીલ્લા ના મહે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબ ની કોર્ટમાં, લુણાવાડા.**

ફરીયાદી :- શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી:- (૧) માનાભાઇ બનાભાઇ પગી ઉ.વ.૭૭, ધંધો: ખેતી,
(૨) સોમાભાઇ માનાભાઇ પગી ઉ.આ.વ.૫૨: ધંધો ખેતી,
(૩) રમણભાઇ માનાભાઇ પગી ઉ.આ.વ.૪૨, ધંધો: ખેતી
(૪) ભીખાભાઇ માનાભાઇ પગી ઉ.આ.વ. ૩૯, ધંધો: ખેતી
રહે. ભમરાગામ પગી ફળીયુ , તા.લુણાવાડા, જી. મહીસાગર.

ગુનો :- ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ

---

ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી. એસ.એસ.પંડયા
આરોપી તરફે વિ.વ.શ્રી. બી.આર. પટેલ

---

## જજમેન્ટ

**(૧)** આ કામે ફરીયાદી ની ફરીયાદપક્ષ ની હકીકત એવી છે કે:- આ કામના ફરીયાદી તારીખ ૨૬/૬/૨૦૨૬ ના રોજ તેમના બે છોકરા સંજયભાઇ રામાભાઇ પગી, મહેશભાઇ રામાભાઇ પગી, એ રીતના તેમના ઘરે થી નીકળી કડીયાકામ કરવા માટે લુણાવાડા ખાતે આવેલા આખો દિવસ કામ કરીને સાંજના છ વાગે લુણાવાડાથી નીકળી ત્રણેય જણા મોટર સાયકલ ઉપર તેમના ઘરે જવા નીકળેલા અને ઘરે જતી વખતે ભમરા ગામે ધાંટી ફળીયામાં રોડ ઉપર જતા હતા તે વખતે તેમનો છોકરો મહેશ ગાડી ચલાવતો હતો તેઓ વચ્ચે બેઠેલા હતાં. સંજય પાછળ બેઠેલો હતો. તે વખતે સાંજના સાડા છ વાગે ધાંટી ફળીયામાં રોડ ઉપર સોમાભાઇ માનાભાઇ પગી હાથમાં ધારીયુ લઇને ઉભેલા હતાં. માનાભાઇ બનાભાઇ પગી,રમણભાઇ માનાભાઇ પગી, ભીખાભાઇ માનાભાઇ તેમના હાથમાં લાકડીઓ લઇને ઉભેલા હતાં. ફરીયાદીએ મોટર સાયકલ ઉભી રાખીને નીચે ઉતરી ગયેલા. તે વખતે આ તમામ માણસોએ ‘ તારે જમીનમાં અને ઝાડોમાં ભાગ જોઇએ છે ” તેમ કહેતા હોઇ તેમણે તેમના પિતાજીને કહેલ કે તમારો છોકરો છું. કેમ ભાગ ન આપો? તેમ કહેતા આ તમામ ઉશ્કેરાઇ ગયેલા અને તેમણે ફરીયાદી અને તેમના છોકરાઓને મારવા લાગેલા. અને મા બેન સમાણી ગાળો બોલવા લાગેલા તે વખતે ફરીયાદીના પિતા માનાભાઇ સોમાભાઇ પગીએ તેમના બરડાના ભાગે લાકડી મારેલી જેથી તેઓ દોડીને રોડની સાઇડમાં આવેલ મંગળભાઇ શીવાભાઇ માછીના નાઓના ઘરની બાજુમાં જતો તે વખતે તેમના નાનાભાઇ સોમાભાઇ માનાભાઇ પગીના ધારીયુ લઇને પાછળ દોડેલા તેઓએ ધારીયા ના ગોદા મારેલા, અને રમણભાઇ માનાભાઇ પગીનાઓએ પણ લાકડીનો માર મારેલો અને તેમના છોકરા સંજયભાઇ અને મહેશભાઇની પાછળ પણ તેમના નાનાભાઇ સોમાભાઇ માનાભાઇ પગી ધારીયુ લઇને દોડેલા.તેઓ શીવાભાઇ મંગળભાઇ ના ઘર બાજુ જતા હતાં તે વખતે આ તમામ માણસો ગડદાપાટુનો માર મારેલો જેથી ફરીયાદીએ બુમાબુમ કરતા ગીતાબેન

મંગળભાઇ માછી, તેમના પત્ની રામીબેન, તેમનો મોટો છોકરો બળવંત તેમના પત્ની ગીતાબેન તેમજ બીજા માણસો આવી જઇને ફરીયાદીને વધુ માર માંથી બચાવેલો. આમ આ કામના આરોપીઓએ ફરીયાદી તથા તેમન દીકરાઓને પહોંચાડી એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જીલ્લા મેજી. સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી, ઇ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ અને જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોઇ, ક્રિ.પ્રો.કો.કલમ ૧૫૪ મુજબની લુણાવાડા  ટાઉન પો.સ્ટેશને ફરીયાદ નોંધાવતા, પોલીસે તે મુજબની ફરીયાદ નોંધી ને લાગતા વળગતા સાહેદોના નિવેદનો અને પંચનામા કરેલા આમ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા ધરપકડ કરીને જામીન મુકત કરેલા. આ અદાલતમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩ મુજબનુ ચાર્જશીટ દાખલ કરતાં, અદાલતે તેને ક્રિ.કેસ નંબર તરીકે નોંધી સમન્સ ઇસ્યુ કરેલા.

**(૨)** આ સમન્સની બજવણી તહોમતદારને ધારાધોરણો મુજબ થઇ જતાં, તહોમતદારો તેમના વિ.વ.શ્રી. બી.આર. પટેલ મારફતે હાજર થયેલ છે. તેઓએ હાજર આંક ૧૭ થી તહોમતનામુ ઘડેલ આ તહોમતનામુ તેમને વાંચી સંભળાવતા અને તેઓની આંક ૧૮ અને ૨૧ થી તેઓ ગુનો કબુલ નથી અને કામ આગળ ચલાવવા માંગે છે તેવી પ્લી રેકર્ડ કરાવતા સદરહુ કામ ફરીયાદીના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે. આ કામે ફરીયાદીએ તેમની ફરીયાદ પુરવાર કરવા નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો:-</u>**

| **સિનં** | **વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરીયાદી રામાભાઇ માનાભાઇ પગીની સોગંદ ઉપર જુબાની | ૨૭ |

| | | |
|---|---|---|
| (૨) | સાહેદ સંજયભાઇ રામાભાઇ પગીની સોગંદ ઉપર જુબાની | ૩૦ |
| (૩) | સાહેદ બળવંતભાઇ રામાભાઇ પગીની સોગંદ ઉપરની જુબાની | ૩૧ |
| (૪) | સાહેદ  ગીતાબેન બળવંતભાઇ પગીની સોગંદ ઉપરની જુબાની | ૩૩ |
| (૫) | સાહેદ મહેશભાઇ રામાભાઇ પગીની સોગંદ ઉપરની જુબાની | ૩૪ |
| (૬) | સાહેદ મંગળભાઇ શીવાભાઇ  માછીની સોગંદ ઉપરની જુબાની | ૩૭ |
| (૭) | સાહેદ ગીતાબેન મંગળભાઇ માછી ની  સોગંદ ઉપરની જુબાની | ૩૮ |
| (૮) | સાહેદ રામીબેન રામાભાઇ માછીની  સોગંદ ઉપરની જુબાની | ૩૯ |
| (૯) | ડો. વિજયગીરી સુરજગીરી ગોંસાઇની સોગંદ ઉપરની જુબાની | ૪૦ |
| (૧૦) | ગુનાવાળી જગાના પંચ સાહેદ અરજણભાઇ જગાભાઇ બારીયાની સોગંદ ઉપર જુબાની | ૪૬ |
| (૧૧) | પંચ સસાહેદ રાયજીભાઇ શનાભાઇ જગાભાઇ પગીની સોગંદ ઉપર જુબાની | ૪૮ |
| (૧૨) | રીકવરી પંચ સાહેદ ઝાલાભાઇ માનાભાઇ ખાંટની સોગંદ ઉપરની જુબાની | ૪૯ |
| (૧૩) | રીકવરી પંચ શનાભાઇ સોમાભાઇ ખાંટની સોગંદ ઉપર ની જુબાની | ૫૧ |

| | | |
|---|---|---|
| (૧૪) | તપાસ કરનાર અમલદાર મણીલાલ ગણપતભાઇની સોગંદ ઉપર ની જુબાની | ૫૪ |

**(બ)દસ્તાવેજી પુરાવો:-**

| અ.નં. | દસ્તાવેજી પુરાવાઓનુ વર્ણન | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૨૮ |
| (૨) | ઈજાનુ પ્રમાણપત્ર, રામાભાઇ માનાભાઇ પગી | ૪૧ |
| (૩) | સારવારના પેપર્સ | ૪૨ |
| (૪) | મેડીકલ ઓફીસરને આપવામાં આવેલ યાદી | ૪૩ |
| (૫) | ગુનાવાળી જગાનુ પંચનામુ | ૪૭ |
| (૬) | મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૫૦ |

ઉપરના સિવાય બીજા કોઇ દસ્તાવેજી કે મૌખિક પુરાવાઓ મારી સમક્ષ રજુ કરવામાં આવેલા નથી.

**(૩)** આ કામે ફરીયાદપક્ષ નો પુરાવો પુરો થતા સદરહુ કામે આરોપીનુ ક્રીમી. પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ છે. આ નિવેદનના સવાલોના જવાબમાં આરોપીએ કોર્ટ માં રજુ કરવામાં આવેલ પુરાવાઓનો ઇનકાર કરીને પોતે નિદોર્ષ હોવાનુ જાહેર કરેલ છે. વધુમાં તેઓ કોઇ કોઇ પુરાવો રજુ કરવા માંગતા નથી ત્યારબાદ, સદરહુ કામ ફરીયાદી તથા આરોપીની દલીલો ઉપર મુલત્વી રાખવામાં આવેલ છે.

**(૪)** સદરહુ કામે ફરીયાદી તરફે વિ.વ.એપીપીશ્રીએ એસ.એસ.પંડયાએ દલીલો કરતા રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી સહીત કુલ ૧૪ સાહેદો ચાર્જશીટ

મુજબ તપાસેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદ મુજબની જુબાની આપેલ છે તેમણે જુબાનીમાં આ કામના આરોપીઓએ ભજવેલ ભાગ, થયેલ ઇજા, બનાવનુ સ્થળ, વર્ણન, સમય વગેરે ચોકકસતા થી કહેલ છે. તેમની ઉલટ તપાસમાં કોઇ જગાએ વિરોધાભાસ આવતો નથી. કોઇ ઓમીશન, એડીશન આવતા નથી. આ સાહેદની જુબાનીને મેડીકલ એવીડેન્સથી સમર્થન મળેલ છે. આ કામે સાહેદ મહેશભાઇ, સંજયભાઇ ફરીયાદીની સાથેજ મોટર સાયકલ ઉપર હતા તેઓએ પણ બનાવને સમર્થન કરેલ છે. ચાલુ બનાવે આવેલ સાહેદો ફરીયાદીના પત્ની રામીબેન, બળવંતભાઇ, ગીતાબેન,નાઓએ પણ બનાવને સમર્થન કરેલ છે. ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ ગીતાબેન, મંગળભાઇ તથા રીકવરી પંચ સાહેદોને અદાલતમા ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. પરંતુ પંચ સાહેદોના ફરી જવાથી બનાવ નથી બનેલો તેમ કહી શકાય નહી. આમ ત્ ફરીયાદ પક્ષ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, અને ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના આવશ્યક તત્વો પુરવાર કરેલ છે. આરોપીયોને કાયદા મુજબની સજા કરવા વિનંતી કરેલ છે.

**(૫)** સદરકામે આરોપીના વિ.વ.શ્રી બી. આર. પટેલ ઓએ રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદી અને આરોપીઓ એકબીજાના પિતા–પુત્ર જેવા સગા થાય છે. આ કામે ફરીયાદીને આરોપીઓ સાથે જમીનમાં ભાગ પાડવા બાબતે પહેલેથી જ અદાવત હતી. આ કામના આરોપી નં. ૧ ના એ નીલગીરીનું ઝાડ કાપેલ જેથી ફરીયાદી ઉશ્કેરાય જઇને આરોપી નં.૧ ના ને મારવા દોડેલા અને પડી જવાથી ફરીયાદીને ઇજાઓ થયેલ છે. તેમ છતાં અદાવત રાખીને થયેલી ઇજાઓનો ગેરલાભ લઇ હાલની ખોટી ફરીયાદ દાખલ કરીને ખોટી જુબાનીઓ આપેલ છે. આ કામે ફ.પક્ષે જે સાહેદો રજુ કરેલા છે તે સાહેદો માં ફરીયાદી અને તેના દીકરાઓ સીવાય બાકીના સાહેદો કર્ણોપકર્ણ પુરાવો છે.આવા પુરાવા ઉપર વિશ્વાસ રાખી શકાય નહી. આ કામે ફરીયાદી ને થયેલ ઇજાઓના સમર્થનમાં મેડીકલ ઓફીસરશ્રી ને તપાસવામાં આવેલા છે. અને તેમની જુબાનીમાં જે સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે તે સર્ટી રામાભાઇ બનાભાઇ પગીનું છે એટલે કે ફરીયાદીનુ નથી. આમ, ફરીયાદીને કોઇ જ ઇજા થયેલ નથી. પરંતુ બીજા કોઇ વ્યકિતનુ સર્ટી રજુ થયેલ છે.આ

કામે સાહેદોની ઉલટતપાસમાં એવુ પણ જણાય આવેલ છે કે, તેમના ભાઇઓ ૨૦૦૯ થી અલગ-અલગ ખેતી કરે છે અને તેમને ખેતીની જમીન આપેલ નથી તેથી તેઓ ખેતી કરતા નથી. સર્વે નં.૧૩૫ કયા આવેલો છે તેની તેમને ખબર નથી તેમ છતાં તેમનુ પાકું મકાન સર્વે નં.૧૩૫ માં આવેલુ છે. આ સીવાય તેમના બે મકાનો આવેલા છે. આમ, ઉલટતપાસમાં ફરીયાદી અલગ-અલગ જવાબ આપે છે તેથી તેમની જુંબાની ઉપર ભરોસો રાખી શકાય નહી. આ કામે પંચ સાહેદો તપાસવામાં આવેલા છે તે પંચ સાહેદોમાંથી અરજનભાઇ જગાભાઇ બારીયા, ગીતાબેન મંગળભાઇ માછી હોસ્ટાઇલ થઇ ગયેલ છે અને ફ.પક્ષને સમર્થન કરેલ નથી તે જ રીતે સ્વતંત્ર સાહેદ મંગળભાઇ શીવાભાઇ માછી હોસ્ટાઇલ થઇ ગયેલ છે. બળવંતભાઇ રામાભાઇ પગી તથા તેમની પત્ની ગીતાબેન બળવંતભાઇ પગી અને રામીબેન રામાભાઇ પગી બનાવ સમયે સ્થળ ઉપર હાજર ન હતા અને તેઓ ની જુબાની નજરે જોનાર તરીકે આપવામાં આવેલ છે જે માની શકાય તેમ નથી. આ કામે બનાવ સમયે અને સ્થળે ઘણા બધા સાક્ષીઓ હાજર હોવા છતાં ત.ક.અમલદારે કોઇ સ્વતંત્ર સાહેદો તપાસેલા નથી. આમ, ફ.પક્ષ તેમનો કેસ તમામ પ્રકારની વ્યાજબી શંકાઓથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૬)** સદર કામે ઉપર મુજબના પુરાવાઓ અને રજુઆતો લક્ષમાં લેતાં કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દ્ ઉપસ્થિત થયેલા છે.

| | |
|---|---|
| ૧ | શુ આ કામના ફરીયાદી તમામ પ્રકારની વ્યાજબી શંકાઓ થી પર નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૬/૦૬/૨૦૨૩ ના ક.૦૧૮/૩૦ વાગ્યાના અરસામાં મોજે ભમરાગામ ધાંટી ફળીયામાં આ કામના ફરીયાદી તેમના દીકરાઓ સાથે આવતા હતા ત્યારે ધારીયા, લાકડી જેવા હથીયારો થી સ્વેચ્છાપુર્વક ઇજાઓ પહોંચાડીને એકબીજાની મદદગારી કરી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જીલ્લા મેજી. સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી, ઇ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ અને જી.પી.એકટની કલમ ૧૩૫મુજબનો ગુનો કરેલ છે? |

| | |
|---|---|
| ૨ | શું હુકમ? |

**(૭)**ઉપરોકત મુદૂાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**મુદ્દા નં ૧:-**

**(૮)** ફરીયાદપક્ષે ફરીયાદ મુજબના એવા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવા જોઇએ જેથી ક્રીમીનલ કેસોમાં આરોપીનો ગુનો તમામ પ્રકારની શંકાઓથી પર પુરવાર થાય જો આમ ફરીયાદી ન કરી શકે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. આ કેસોમાં આરોપીએ તેમની નિદોર્ષતા સાબિત કરવાની નથી પરંતુ ફરીયાદીએ તેનો કેસ તે રીતે પુરવાર કરવાનો છે. આરોપીએ તો માત્ર કેસના સંજોગો ઉપર થી કે ઉલટ તપાસ મારફતે માત્ર ફરીયાદીના કેસમાં વ્યાજબી શંકાઓજ ઉપસ્થિત કરવાની છે. આરોપી ભારતીય ફોજદારી ધારામાં આપેલા અપવાદોનો કે કોઇ વિશેષ બચાવનો લાભ લેવા માંગતો હોય તો તેણે તે મતલબનો પુરાવો રજુ કરવાનો રહે છે. જો આવો પુરાવો આરોપી રજુ ન કરી શકે તો તેનો લાભ ફરીયાદીને મળી શકે નહી એટલે કે ફરીયાદીનો કેસ સફળ થઇ જતો નથી. કાયદાએ ફરીયાદી ઉપર સૌપ્રથમ તેમનો કેસ સાબિત કરવાની જવાબદારી નાંખેલ છે. આવી જવાબદારી પુર્ણ ન થાય ત્યાં સુધી આરોપી નિદોર્ષ હોવાનુ કાયદાનુ અનુમાન છે. તેમ છતા એ પણ હકીકત છે કે માત્ર પંચ સાહેદ હોસ્ટાઇલ થવાથી, અમુક સાહેદો ફરીયાદીને સમર્થન ન કરે તેટલા માત્ર થી જ ફરીયાદીનો કેસ નિષફળ થઇ જતો નથી. ફોજદારી કાનુનમાં જો એક પણ સાહેદ જો અદાલતને વિસ્વાસપાત્ર જણાય તો અદાલત તેવા સાહેદ ઉપર આધાર રાખીને સજા કરી શકે છે. વધુમાં સામાન્ય પ્રકારના વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છૈ કેમકે સમય પસાર થતા, કે બીજા કોઇ કારણોસર સાહેદની જુબાની માં સામાન્ય ફરક આવતો હોય છે. આ તમામ સિધ્ધાંતો નામ. હાઇકોર્ટે તથા નામ.

સુપ્રિમકોર્ટે તેમના વિવિધ ચુકાદાઓમાં વર્ણવેલ છે. આ સિધ્ધાંતોને ધ્યાનેમાં રાખીને અદાલતોએ તેમના હાથ ઉપરના કેસોના સંજોગો જોઇએ જે તે કેસનો નિણર્ય કરવાનો હોય છે. આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવામાં જણાવવામાં આવેલી હકીકતોની વાત કરીએ તો....

**(૯)** આ કામે ફરીયાદી રામાભાઇ માનાભાઇ પગીએ આંક ૨૭ થી જુબાની આપેલ છે. આ જુબાનીમાં ફરીયાદમાં જે હકીકત જણાવેલ છે તેજ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. ફરીયાદીની જુબાનીમાં આંક ૨૭ પાડવામાં આવેલ છે. આ સાહેદ ને ફરીયાદપક્ષે બનાવમાં ભોગ બનનાર અને ઇજા પામનાર સાહેદ તરીકે રજુકરેલ છે. આ સાહેદની ઉલટ તપાસમાં પુછવામાં આવેલ હકીકતો માં એવુ જાહેર થયેલ છે કે તેમના પિતાને અને ભાઇઓને ૨૦૧૦ ની સાલથી બોલવાના સબંધો નથી. તેમના પિતાની ઉંમર ૮૫ વર્ષ ની છે.તેમના પિતાએ તેમની વડીલોપાર્જિત જમીનની ૨૦૦૯ ની સાલમાં વહેંચણી કરેલી. તેમના ભાઇઓ અલગ અલગ ખેતી કરે છે.તેમને ખેતી ની જમીન આપેલ નથી તેથી તેઓ ખેતી કરતા નથી. તેમણે બીજા બે ત્રણ ગામોની ખેતીની જમીન ગીરો રાખેલી છે. તેમના પિતાએ નીલગીરીનુ ઝાડ કાપેલુ તેની સામે તેમને વાંધો હતાં. બાકીના સજેશનોનો ઇનકાર કરેલો છે.

**(૧૦)** સાહેદ સંજયભાઇ રામાભાઇ પગી આંક ૩૦ થી જણાવે છે કે, તા.૨૬/૩/૨૩ ના રોજ બનાવના દિવસે કડીયાકામ અર્થે તેઓ લુણાવાડા ગયેલા હતા અને પાછા ફરતી વખતે મહેશભાઇ બાઇક ચલાવતા હતાં. તેમના પિતા વચ્ચે બેઠેલા હતાં અને સંજયભાઇ તેમની પાછળ બેઠેલા હતાં. તેઓ ધાંટા ફળીયામાં જતા હતાં તે વખતે સોમાભાઇ માનાભાઇ, માનાભાઇ બનાભાઇ,રમણભાઇ માનાભાઇ, ભીખાભાઇ માનાભાઇનાઓ આવેલા. સોમાભાઇના હાથમાં ધારિયુ હતું. બાકીના હાથમાં લાકડીઓ હતી. તેઓ રસ્તામાં ઉભેલા હોઇ તેમણે તેમની બાઇક ઉભી રાખેલી. માનાભાઇએ તેમના પિતાને તારે જમીનમાં ભાગ જોઇએ છે તેમ કહેતા મારા પિતાએ તમારો છોકરો છું. જેથી મારે પણ ભાગ જોઇએ છે. તેમ કહતા તેઓ બધા ઉશ્કેરાઇ જઇને મારવા લાગેલા. માનાભાઇ બનાભાઇએ મારા પિતાને બરડાના ભાગે લાકડી મારેલી. મારા ભાઇને સોમાભાઇ ધારીયુ લઇને દોડેલા ને

ધારિયુ મારેલું. તેજ સમયે મે વિડીયો બનાવેલો તે વખતે તેમણે અમો બંન્ને ભાઇઓને ભગાડી મુકેલાં. બધા આરોપીઓ મારા પિતાની પાછળ પડેલા તેમણે મારા પિતાને લાકડીઓ અને ધારીયાથી ગોદા મારેલા, માર મારેલો. તે વખતે બુમાબુમ થતા,મારી માતા રામીબેન,મારી ભાભી ગીતાબેન,ત્યા આવી ગયેલા. મારા પિતાને વધુ મારથી બચાવેલ તે સમયે મારોભાઇ અને હું બન્ને પાછા આવી ગયેલા ત્યારે બધા આરોપીઓ જમીન,તથા ઝાડોમાં ભાગ માંગશો તો તમને જાનથી મારી નાંખશો તેવી ધમકી આપતા જતા રહેલો મારા પિતાને  ડાબા હાથમાં, બરડાના ભાગે માર વાગતા બળવંતભાઇએ ૧૦૮ વાન બોલાવતા મારી માતા તેમજ મહેશભાઇ તથામારા પિતાને લુણાવાડા સરકારી દવાખાને લઇ જઇ સારવાર કરાવેલી, મારા પિતા લુણાવાડા સરકારી દવાખાને  માં સારવાર લેતા હોઇ બીજા દીવસે લુણાવાડા ટાઉન પો.સ્ટેશનમાં ફરીયાદ કરાવેલી.

આ સાહેદે તેમની ઉલટ તપાસ દરમિયાન એ હકીકતો નો સ્વીકાર કરેલો છે કે, આરોપી નં ૧ તેમના દાદા અને બીજા આરોપીઓ તેમના સગા કાકા થાય છે. તેમના પિતા અને તેમના કાકા -દાદા વચ્ચે ધણા વર્ષો થી તકરાર ચાલે છે. તેમના પિતાને ત્રણ મકાનો આવેલા છે. ત્યા તે રહે છે. બનાવવાળી જગાએ બીજા ધણા બધાં મકાનો આવેલા છે અને વસ્તી વાળો એરીયા છે. બનાવના દિવસે તેમના દાદાએ નીલગીરીના ઝાડ કાપેલા. તેમના પિતાએ નીલગીરીના ઝાડ કાપવા બાબતે વાંધો લીધેલો. ત્યાર બાદના સુચક પ્રશ્નો ના ઇનકાર કરવામાં આવેલ છે.

**(૧૧)** સાહેદ બળવંતભાઇ રામાભાઇ પગી તેમની સોગંદ ઉપરની આંક ૩૧ ની જુબાનીમાં જણાવે છે કે,- બનાવ તા. ૨૬/૬/૨૦૨૩ ના રોજ બનેલો. બનાવના સમયે તેઓ ધરે હતાં. તે સમયે તેમના ગામના ધાટી ફળીયામાં બુમાબુમ થતા તે તેમની પત્ની, તેમની માતા બનાવ સ્થળે ગયેલાં. તે સમયે સોમાભાઇ માનાભાઇ ના હાથમાં ધારિયુ હતું. રમણભાઇ માનાભાઇ, ભીખાભાઇ માનાભાઇ, માનાભાઇ બનાભાઇ ના હાથમાં લાકડીઓ હતી. ઉપરોકત આરોપીઓ મારા પિતા રામાભાઇ ને લાકડીઓના ગોદા, ધારીયાના ગોદા તેમજ ગડદાપાટુનો માર મારતા હતાં. ત્યારે આરોપીઓ તેમના પિતાને હવેથી જમીનમાં ભાગ

માંગશો તો જાન થી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલા તે સમયે મે ૧૦૮ વાનને બોલાવેલી અને મારા પિતાને ઇજા થયેલ હોઇ લુણાવાડા સરકારી દવાખાને લઇ જઇ સારવાર કરાવેલી. બનાવની ફરિયાદ તેમના પિતાએ આપેલી. આરોપીઓને ઓળખી બતાવેલ છે.

આ સાહેદે તેમની ઉલટ તપાસ દરમિયાન એ હકીકતો નો સ્વીકાર કરેલો છે કે, આરોપી નં ૧ તેમના દાદા અને બીજા આરોપીઓ તેમના સગા કાકા થાય છે. તેમના દાદાની ઉંમર ૮૫ વર્ષ ની આસ પાસ છે.તેમના પિતા અને તેમના કાકા -દાદા વચ્ચે ઘણા વર્ષો થી તકરાર ચાલે છે. આ સાહેદ સ્વૈચ્છીક રીતે જણાવે છે તેમના દાદા તેમના પિતાને જમીનમાં ભાગ ન આપતા હોઇ તકરાર ચાલે છે. તેમના દાદાએ ૨૦૦૯ ની સાલમાં તેમની વડીલોપાર્જિત જમીન ની વહેંચણી કરેલી આ સાહેદે એ હકીકતનો ઇનકાર કરેલો છે કે તેમના પિતા એ ખેતરમાં બનાવેલ મકાનમાં રહે છે. વધુમાં ઉમરેલ છે કે તેમના દાદા તેમને ત્યાં રહેવા દેતા નથી જેથી તેઓ ત્યાં રહેતા નથી. બનાવવાળી જગાએ બીજા ઘણા બધાં મકાનો આવેલા છે અને વસ્તી વાળો એરીયા છે.બનાવના દિવસે તેઓ લીંબડીયા ગામે મજુરી કરવા ગયેલા અને પાછા આવી ગયેલા. લીંબડીયા તેમના ગામથી ૧૫ કી.મી.દુર આવેલ છે. લીંબડીયાથી પાછા તેમના ગામમાં આવવુ હોય તો અડધો કલાક નો સમય લાગે. મજુરી કરવા જવાનો સમય સવારે ૧૦ વાગ્યાથી ૫ વાગ્યા સુધીનો હોય બાકીના સજેશનો નો ઇનકાર કરેલો છે.

**(૧૨)** આ કામે સાહેદ ગીતાબેન બળવંતભાઇ પગીના આંક ૩૩ થી ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં બનાવ સબંધે જણાવેલ છે કે,- ફરીયાદવાળો બનાવ બે થી ત્રણ વર્ષ પહેલા અમારા ગામના ધાંટી ફળીયામાં મંગળભાઇ શીવાભાઇના ઘર પાસે બનેલો.બનાવના દિવસે તેમના સસરા રામાભાઇ, દિયર સંજયભાઇ અને મહેશભાઇ લુણાવાડા થી કડીયાકામ પુરૂ કરીને બાઇક ઉપર પાછા આવતા હતાં. તે સમયે સાંજના સાડા છ વાગે હું તેમજ મારી સાસુ રામીબેન ઘરે હતાં. બનાવ સમયે બુમાબુમ થતાં, હું તેમજ મારા સાસુ બનાવ સ્થળે ગયેલાં. ત્યાં જઇને જોયુ તો, માનાભાઇ

બનાભાઇ, સોમાભાઇ માનાભાઇ, રમણભાઇ માનાભાઇ, ભીખાભાઇ માનાભાઇ ત્યાં આવેલ હતાં. જેમાં સોમાભાઇના હાથમાં ધારીયુ હતું. બાકીના ત્રણ પાસે લાકડીઓ હતી. તેઓ મારા સસરા અને દિયરોને મારતા હતાં. બનાવમાં મારા સસરાને હાથ ઉપર ઇજાઓ થયેલી. તે સમયે ગામના ધણા બધા લોકો આવેલાં. આવેલ આરોપીઓ હવેથી જમીન તેમજ ઝાડોનો ભાગ માગશો તો જીવતા નઇ છોડીએ તેવી ધમકીઓ આપી જતા રહેલાં. તે સમયે ૧૦૮ વાન બોલાવીને મારા સસરાને લુણાવાડા સરકારી દવાખાનામાં સારવાર કરાવેલી. આરોપીઓને હું ઓળખુ છું.

આ સાહેદે પણ તેમની જુબાની સમગ્ર બનાવ નજરે જોયો હોય તે રીતની આપી છે સાથો સાથ નીચે ની હકીકતોનો ઉલટ તપાસમાં સ્વીકાર પણ કરેલો છે. આરોપી માનાભાઇ બનાભાઇ તેમના સસરા થાય છે. બાકીના આરોપીઓ કાકા સસરા થાય છે. દાદા સસરાની ઉંમર ૮૦ થી ૮૫ વર્ષ ની છે. તેમના સસરા અને આરોપીઓ વચ્ચે જમીન બાબતની તકરાર ચાલે છે. એ વાત ખરી છે કે ધાટી ફળીયુ અને પગી ફળીયુ બંને અલગ અલગ ફળીયા છે. બાકીના સજેશનો નો ઇનકાર કરેલ છે.

**(૧૩)** સાહેદ મહેશભાઇ રામાભાઇ પગી આંક ૩૪ થી તેમની સોગંદ ઉપર ની જુબાનીમાં જણાવે છે કે,- બનાવ આશરે બે એક વર્ષ અગાઉ અમારા ગામના ધંાટી ફળીયા માં બનેલો. બનાવના દિવસે તેઓ તે તેમના પિતા તેમજ તેમના ભાઇ સંજયભાઇ સવારે લુણાવાડા કડીયા કામે ગયેલા તે પતાવી સાંજના છ વાગે બાઇક ઉપર પાછા ફરતા હતાં. ત્યારે તેઓ બાઇક ચલાવતા હતાં.

તે વખતે બનાવના સ્થળે તેમના કાકા સોમા માના, માના બના,રમણ માના, ભીખા માનાનાઓ આવેલા. સોમાભાઇના હાથમાં ધારિયુ હતું. બાકીના હાથમાં લાકડીઓ હતી. તે સમયે આરોપીઓૌ કહેલ કે તારે જમીનમાં ભાગ જોઇએ છે તેમ કહી ગાળાગાળી કરેલી. મને,મારા પિતાને, મારા ભાઇને માર મારવા લાગેલા તે સમયે તેમના દાદા માનાભાઇએ તેમના પિતાને લાકડી મારેલી. મારા ભાઇને સોમાભાઇ મારા અને મારા પાછળ ધારીયુ લઇને દોડેલા ને ધારિયુ મારેલું. સોમાભાઇએ તેમના પિતાને ધારિયાના ગોદા મારેલા.તેમજ

તેમની સાથે આવેલા આરોપીએ મારા પિતાને લાકડીઓથી ગડદાપાટુનો માર મારેલો. તે સમયે બુમાબુમ થતા ધરે થી મારી માતા અને ભાઇ બળવંતભાઇ  અને ભાભી ગીતાબેન આવેલા. બનાવમાં મારા પિતાને ઇજા થતા ૧૦૮ વાન બોલાવી લુણાવાડા સરકારી દવાખાને લઇ જઇ સારવાર કરાવેલી.

આ સાહેદે તેમની ઉલટ તપાસ દરમિયાન એ હકીકતો નો સ્વીકાર કરેલો છે કે, આરોપી નં ૧ તેમના દાદા અને બીજા આરોપીઓ તેમના સગા કાકા થાય છે. તેમના દાદાની ઉંમર ૮૫ વર્ષ ની આસ પાસ છે.આ સાહેદે તેમની ઉલટ તપાસ દરમિયાન એ હકીકતો નો સ્વીકાર કરેલો છે કે, આરોપી નં ૧ તેમના દાદા અને બીજા આરોપીઓ તેમના સગા કાકા થાય છે. તેમના દાદાની ઉંમર ૮૫ વર્ષ ની આસ પાસ છે.તેમના પિતા અને તેમના કાકા -દાદા વચ્ચે ધણા વર્ષો થી તકરાર ચાલે છે.  તેમના એ વાત ખરી છે કે મારા પિતા અને દાદાને વર્ષો થી બોલવાના સબંધો નથી. એ વાત નરી નથી કે તેમના દાદાએ ૨૦૦૯ તેમની વડીલોપાજિર્ત જમીન ની વહેંચણી કરેલી  એ વાત ખરી છે કે તેમના પિતાના ત્રણ અલગ અલગ મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે બના વવાળી જગાએ બીજા ધણા મકાનો આવેલા છે. બાકીના બીજા સજેશનોનો ઇનકાર કરેલ છે.

**(૧૪)** આ કામે પંચ સાહેદ મંગળભાઇ શીવાભાાઇ માછીને આંક ૩૭થી અને આ સાહેદના પત્ની ગીતાબેન મંગળભાઇ ને આંક ૩૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદો બનાવ માં હાજર હતા છતા ફરીયાદપક્ષ ના સાહેદોને સમર્થન કરેલ નથી. ફરીયાદપક્ષે તેમને અદાલતમાં ફરી ગયેલ જાહેર કરેલ છે.

**(૧૫)** સાહેદ રામીબેન રામાભાઇ પગી એ આંક ૩૯ ની તેમની જુબાનીમાં જણાવે છે કે ફરીયાદવાળો બનાવ આશરે બે વર્ષ અગાઉ તેમના ધરના ધાંટી ફળીયામાં બનેલો. બનાવના દિવસે તેમના પતિ રામાભાઇ  અને તેમનો દિકરો સંજય તેમજ મહેશ સાંજે છ વાગે લુણાવાડાથી કામ કરીને પરત આવતા હતાં. તે સમયે તેઓ ધરે હતા. અને ધાંટી ફળીયામાં બુમા બુમ થતા તેઓ તેમજ તેમનો દીકરો બળવુત અને તેમંની પત્ની ગીતા તેઓ બનાવ સ્ગળે ગયેલા ત્યા જઇને જોયુ તો માના ભાઇના હાથ માં લાકડી હતી. જેઓ તેમના

પતિને માર મારતા હતા. તેથી તેમના પતિને જમણા હાથે ઇજા થયેલી મે તે નજરે જોયેલું. મારા દિકરા ત્યાંથી બીકના માર્યા ભાગી ગયેલા. તે સમયે આ કામના આરોપીઓ જો તમો જમીનમા ભાગ માગશો તો જાન થી મારી નાંખશુ. તેવી ધમકીઓ આપતા હતા. બાદ ૧૦૮ બોલાવી મારા પતિને સારવાર માટે દવાખાને લઇ ગયેલા. આ કામના આરોપીઓને હું ઓળખુ છું. જે નામદાર કોર્ટમાં હાજર નથી.

આ સાહેદે પણ તેમની ઉલટ તપાસમાં એ હકીકતો કબુલ રાખેલ છે કે માના ભાઇ તેમના સસરા થાય છે. એ વાત ખરી છે પગી ફળીયુ અને ધાંટી ફળીયુ અલગ અલગ છે. અને પગી ફળીયામાં રહીએ છીએ. તે સિવાય બાકીના તમામ સજેશનો નો ઇનકાર કરેલ છે.

**(૧૬)** ડો. વિજયગીરી સુરજગીરી ગોસાઇ ને આંક ૪૦ થી ફરીયાદપક્ષે તપાસેલ છે આ સાહેદે તેમની જુબાનીમાં જણાવે છે કે તારીખ ૨૬/૦૬/૨૦૨૩ ના રોજ તેમની ફરજ ઉપર જનરલ હોસ્પીટલ લુમણાવાડા ખાતે મેડીકલ ઓફીસર તરીકે હતા. ત્યારે સાંજ ૮-૧૦ કલાકે દર્દી નામે રામાભાઇ માનાભાઇ બનાભાઇ બારીયા વિગેરેનાઓ લાકડીથી તથા ધારીયાના ગોદા મારેલ છે. તેઓને તપાસતા ડાબા હાથે સોજોઅને કમરના ભાગે દુ:ખાવો હતો. તેઓને કમરના ભાગે દુ:ખાવાની અને સોજાની ફરીયાદ હતી. તા. ૨૮/૦૬/ ૨૦૨૩ રોજ ગોધરા હોસ્પીટલમાં રીફર કરેલા. ઉપરોકત ઇજાઓ સખત અને બોથડ પદાર્થ થી થઇ શકે તેવી હતી. સારવાર કરીને મે સર્ટી. આપેલ જેનો એમ.એલ.સી. નં ૭૨૮/૨૦૨૩ તેમને બતાવતા તેમાં તેમની સહી તેમજ હોદ્ાનુ નિશાન ઓળખી બતાવેલ છે. દર્દીનુ નામ રામાભાઇ માનાભાઇ છે પરંતુ શરત ચુકથી રામાભાઇ બનાભાઇ લખાઇ ગયેલ છે. જેને રજુ આંક ૪૧ આપવામાં આવેલ છે. દર્દીના કેસ પેપર્સ તથા તપાસ કરતાર અમલદાર ની યાદી રજુ કરેલ છે જેને આંક ૪૨ અને ૪૩ આપવામાં આવેલ છે.

આ સાહેદે તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે આ દર્દીને જે ઇજા થયેલ છે તેવી ઇજા મોટર સાયકલ ઉપરથી કોઇ વ્યકિત પડી જાયતો થઇ શકે. એ વાત

ખરી છે કે જે દર્દીનુ સર્ટી છે તે રામાભાઇ માનાભાઇનુ નથી તે શર્ત ચુકથી લખાયેલ છે. તે સિવાયના સજેશનોનો ઇનકાર કરેલ છે.

**(૧૭)** અરજણભાઇ જગાભાઇ બારીયાએ આંક ૪૬,અને આંક ૪૮ થી રવજીભાઇ શનાભાઇ પગી કે જેઓ રીકવરી પંચનામાના પંચો છે તેમને તપાસવામાં આવેલ છે. આ સાહેદોની જુબાનીમાં આંક ૪૭ થી પંચનામુ કરવામાં આવેલા છે પરંતુ આ સાહેદો પંચનામાને સમર્થન કરતા નથી તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે. તેજ રીતે મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચ સાહેદો ઝાલાભાઇ માનાભાઇ ખાંટ આંક ૪૯ જેમની જુબાનીમાં આંક ૫૦ થી પંચનામુ રજુ થયેલ છે. આ સાહેદે પંચનામાને સમર્થન કરેલ નથી આ સાહેદને પણ ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે તેજ રીતે પંચ સાહેદ શનાભાઇ સોમાભાઇ ખાંટ ને આંક ૫૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદને પણ ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે.

**(૧૮)** આ કામે આંક ૫૪ થી મણીલાલ ગણપતભાઇ પગીને કે જેઓ તપાસ કરનાર અમલદાર છે તેમને તપાસવામાં આવેલ છે. આ સાહેદે તેમની તપાસ મુજબની જુબાની આપતા જણાવેલ છે કે, તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ લુણાવાડા પો. સ્ટેશને સદરહુ ગુનાની ફરીયાદ નોંધાતા તેમને તપાસ સોંપવામાં આવેલી. આ સાહેદની જુબાનીમાં સુચીપત્ર આંક ૫૫ થી રજુ કરવામાં આવેલ છે. તેઓએ બનાવવાળી જગાની મુલાકાત લઇને બે પંચના માણસો બોલાવીને પંચનામુ કરેલુ છે. લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ છે. આ કામના આરોપીઓએ હથિયાર રજુ કરતા રીકવરી પંચનામુ કરેલ છે. આ પંચનામુ તેમણે પંચો ની હાજરીમાં કરેલુ. આ પંચોની સહીઓ અને તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. પંચનામાની વિગતો પણ આપેલ છે. ઇજા પામનાર સાહેદના મેડીકલ સર્ટી મેળવેલ હોવાની હકીકત જણાવે છે. તેમજ આરોપીઓની ધર પકડ કરીને જામીન ઉપર મુકત કરેલા છે. અંતે તેઓને પુરતો પુરાવો જણાતા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે.

આ સાહેદની પણ બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે તેમાં તેઓ જણાવે છે કે, બનાવવાળી જગાની આજુબાજુ બીજા રહેણાંકના મકાનો આવેલા છે. બનાવના દિવસે

આરોપીનં ૧ નાએ નીલગીરીનુ ઝાડ કાપેલુ તે તેમની તપાસમાં ખુલેલુ. આરોપીનં ૧ ૭૫ થી ૮૦ વર્ષના છે. બાકીના સજેશનોનો આ સાહેદે પણ ઇનકાર કરી દીધેલ છે.

**મુલ્યાંકન :-**

**(૧૯)** આ કામે ઉપરના પુરાવાઓ વંચાણે લેતાં આંક-૨૭ થી ફરીયાદી રામાભાઇ માનાભાઇ પગીએ ફરીયાદ મુજબની સર તપાસ આપેલ છે. આ સાહેદ તેમની જુબાની બનાવ તારીખ, સમય, સ્થળ વગેરે હકીકતો તેમની જુબાનીમાં જણાવેલ છે. આરોપીએ બનાવમાં લીધેલ ભાગની વિગતો પણ ચોકકસાઇથી આપેલ છે. આ સાહેદ મુખ્ય ઇજા પામનાર સાહેદ છે. આ સાહેદની જુબાનીને મેડીકલ ઓફીસરની જુબાની આંક ૪૦ થી સમર્થન મળેલ છે. આ કામે આંક ૪૧,૪૨,૪૩ થી દસ્તાવેજોથી વધુ સમર્થન પ્રાપ્ત થાય છે. નામ. સુપ્રિમ કોર્ટ ના વિવિધ જજમેન્ટોમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો મુજબ બનાવમાં ભોગ બનનાર સાહેદના શબ્દો ખુબજ અગત્યના છે સામાન્ય સંજોગોમાં તેમને અવગણી શકાતા નથી. બચાવપક્ષ ધ્વારા પુછવામાં આવતા સવાલોના જવાબમાં જે હકીકતો બહાર આવે છે કે આ કામના ફરીયાદીને ધણા વર્ષો થી જમીન ના ભાગ બાબતે તેમના પિતા આરોપીનં ૧ સાથે તકરારો ચાલતી હતી, આ કામના ફરીયાદીને સમર્થન કરતા મેડીકલ સર્ટી માં શરત ચુકથી મેડીકલ ઓફીસરે પિતાનુ નામ ખોટુ લખેલ છે. ફરીયાદ ૧ દિવસ મોડી છે. બનાવ વાળી જગાએ ધણા બધા મકાનો આવેલા છે તેમાં લોકો રહે છે. સ્વત્તંત્ર સાહેદોનુ સમર્થન નથી. ફરીયાદ ફરીયાદીએ મોડી આપેલ છે જેથી બચાવપક્ષ ની રજુઆત મુજબ આવો કોઇ બનાવ બનેલો નથી અદાવતના કારણે ખોટી ફરીયાદ આપેલ છે. આરોપીનં ૧ વયોવૃધ્ધ ૮૦ વર્ષ ની ઉંમરના છે આવો ગુનો કરવા સક્ષમ નથી. આરોપીને ફરીયાદી અને સાહેદો સાથે ભાગ લેવા બાબતે અદાવત હતી. નીલગીરીનું ઝાડ કાપવા બાબતે ફરીયાદીને આરોપી સાથે વાંધો હતો અને જેથી આરોપી નં.૧ તેમના પિતાને મારવા જતા પડી ગયેલા આ રજૂઆત ના સમર્થનમાં આરોપી નં.૧ ના વયોવૃદ્ધ છે તે સીવાય બાકીના સંપૂર્ણ પુરાવા નથી એવો કોઇ જ પુરાવો નથી કે આરોપી નં.૧ નાને મારવા જતા ફરીયાદી પડી ગયેલા તે અંગે કોઇ સાહેદે ઉલટતપાસમાં સમર્થન કરેલુ નથી.

**(૨૦)** આ બચાવના અનુસંધાને એ સવાલો ઉભા થાય છે આરોપીઓ પાસે પણ તકરાર કરવા અદાવત જેવુ પુરતુ કારણ હોય, માત્ર શરત ચુક થી જ મેડીકલ સર્ટીમાં ફરીયાદીના પિતાનુ નામ મેડીકલ ઓફીસર ખોટુ લખે, અમુક સાહેદો ફરી જાય, નાના સામાન્ય પ્રકારના વિરોધાભાસ આવતા હોય કોઇ આરોપીની ઉંમર મોટી હોય તેટલા માત્ર થી તે આરોપી ગુનો કરી શકે નહી તેવુ માની શકાય. મોટી ઉંમરના કારણે વ્યકિત તદન અશકત બની જાય તેવુ હંમેશા બની શકે નહી. અહીં નીલગીરીનુ ઝાડ આરોપી નં. ૧ નાએ કાપેલુ તે હકીકત બચાવપક્ષે મુકેલી છે એટલે કે જે વ્યકિત ઝાડ કાપી શકે તે ગુન્હો કરવા માટે અશકત છે તેવુ કહી શકાય નહી. આ કામે રામાભાઇ માનાભાઇ પગી આંક-૨૭, સંજયભાઇ રામાભાઇ પગી આંક-૩૦, મહેશભાઇ રામાભાઇ પગી આંક–૩૪ એ નજરે જોનાર સાહેદો છે. ઇજા પામનાર સાહેદો છે. તે સીવાય સાહેદ નં.૩૭ મંગળભાઇ શીવાભાઇ માછી જેઓ સરતપાસમાં એવુ જણાવેલ છે હું ઘરે આવેલો અને જોયેલ તો રામાભાઇ ઘરમાં હતા અને શીવાભાઇ માનાભાઇ તેમજ તેમના દીકરાઓએ મારા ઘરની જાળીઓ કુટેલી અને રામાભાઇ ને ઇજાઓ થવાથી તેમના દીકરાઓ તેમને દવાખાને લઇ ગયેલા. તે જ પ્રકારની જુબાની તેમના પત્ની ગીતા બેન મંગળભાઇ માછીનાઓએ આપેલી છે અને તેઓ પણ તેમની સરતપાસમાં આ જ પ્રકારની હકીકત કહેલ છે. તેમની જુબાની ઉપરથી તેઓએ જણાવેલ હકીકત નજરે જોયેલી અથવા તો સાંભળેલી તેમ તેમનુ કહેવુ છે. બચાવપક્ષ ની રજૂઆત મુજબ આ સાહેદો સ્વતંત્ર છે અને જો સ્વતંત્ર સાહેદ હોય તો તેટલા પુરતુ ફરીયાદપક્ષને સમર્થન કરે છે તેમ કહી શકાય. આ કામે ઇજાના સર્ટી સીવાય ફરીયાદી રામાભાઇ માનાભાઇને સારવારના કાગળો પણ રજુ કરેલા છે અને તેમા તેમનુ સાચુ નામ જણાવવામાં આવેલુ છે જેના ઉપરથી ડોકટરશ્રી એ જે ઇજાગ્રસ્ત દર્દીને તપાસેલો છે તે દર્દી રામાભાઇ માનાભાઇ પગીનાઓ છે તેવુ સ્પષ્ટ થાય છે. આમ, માત્ર પંચ સાહેદો ના ફરી જવાથી ફરીયાદીનો હાલનો કેસ નબળો પડી જતો નથી અને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરીયાદી સાહેદને ઇજા પહોંચાડેલ છે તેવુ પુરવાર થાય છે. આ કામે તમામ સાહેદો એ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલી તેવુ સ્પષ્ટ

કહેલું છે.આ કલમ પ્રમાણે ઇ.પી.કો. કલમ ૫૦૬(૨) ના ગુના માટે તે કલમની જોગવાઇ જોતા, તેમાં નીચે મુજબ લખવામાં આવેલ છે.

'' કોઇપણ વ્યકિત ગુનાહીત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બે માંથી કોઇપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા બંન્ને સજા કરવામાં આવશે. જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય અથવા આગથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા ચારિત્યહીનતાનો આક્ષેપ  કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇપણ પ્રકારની સજા કરવામાં આવશે.''

**(૨૧)** આ કામે રેકર્ડ ઉપર આવેલ ફરીયાદી અને બનાવ સ્થળે હાજર તેમના દીકરાઓની જુબાની જોતા આ ધમકી આપતી વખતે ફરીયાદી અને સાહેદોને સ્થળ ઉપરથી નાસવુ પડેલ છે. ત્રીજી વ્યકિતના ઘરમાં ભરાઇ જવુ પડયું છે અને જયાં સુધી તેમને બચાવવા બીજા સાહેદો આવેલ નથી ત્યાં સુધી ભયથી આ કામના સાહેદ મંગળભાઇ શીવાભાઇ ના ઘરમાં રહેવુ પડેલ છે. આમ, આરોપીઓની ધમકી માત્ર ધમકી ન રહેતા તાત્કાલીક અસરકારક બને તેવુ વાતાવરણ ઉભુ થયેલ છે. આમ, આ કામે આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ-૩૨૩ અને ૫૦૬(૨) મુજબનો ગુન્હો પુરવાર થાય છે. જયારે ઇ.પી.કો. કલમ-૫૦૪ મુજબ અપમાન કે ગાળો ના કોઇ શબ્દો રેકર્ડ ઉપર આવતા નથી. જેથી ઇ.પી.કો. કલમ-૫૦૪ મુજબનો ગુન્હો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તે જ રીતે જી.પી.એકટની કલમ-૧૩૫ ના આક્ષેપના અનુસંધાને ફરીયાદપક્ષે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શ્રી નું જાહેરનામું રેકર્ડ ઉપર મુકેલ નથી કે તે અંગેના કોઇ સાહેદ તપાસેલ નથી. જેથી સદર કામે મુદદા નં.૧ મુજબ ઇ.પી.કો. કલમ-૩૨૩ અને ૫૦૬(૨) મુજબ અંશત: હકારાત્મક આપવામાં આવે છે. અને સજાના મુદદે સાંભળવા સારૂ મુલત્વી રાખવામાં આવે છે.

તારીખ : ૧૭/૦૪/૨૦૨૬

પી.સી.સોની

એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, લુણાવાડા.

**સાંભળ્યા,**

આ કામે એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે, ફરીયાદપક્ષ તેમનો કેસ તમામ પ્રકારની શંકાઓથી પર પુરવાર કરવામાં સફળ થયેલ છે. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જાહેરમાં ભયનો માહોલ સર્જેલ છે જેથી આરોપીઓને કાયદા મુજબની પુરેપુરી સજા કરવા વિનંતી કરેલ છે.

જયારે આરોપી તરફે રજુઆત છે કે, આરોપીઓ ગરીબ અને મજુર વર્ગમાંથી આવે છે. તેઓ અપીલ કરવા માંગે છે તેઓને જેલમા મુકવામાં આવે તો તેમના કુંટુંબ-પરીવારને ભુખે મરવાના દિવસો આવે તેમ છે જેથી આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

બંને પક્ષોની રજુઆત સાંભળ્યા બાદ,આરોપીઓ સામેનો ઇ.પી.કો કલમ-૩૨૩ અને ૫૦૬(૨) મુજબનો ગુન્હો પુરવાર થયેલ છે. આ કલમ મુજબ મહત્તમ ૭ વર્ષ સુધીની કોઇ પણ પ્રકારની જેલ અથવા તો દંડ થઇ શકે તેમ છે. આ કામે આરોપીઓ અને ફરીયાદી તથા સાહેદો બાપ દિકરા જેવા લોહીના સબંધો ધરાવે છે. તેમ છતાં ખુલ્લેઆમ ફરીયાદી સાહેદોને જાનથી મારી નાખવાની ધમકીઆપી હથીયારો સાથે હુમલા કરી ભયનુ વાતાવરણ સર્જેલ છે. આ કામે પ્રોબેશન મેળવવાની બીજી કોઇ અરજી કરવામાં આવેલ નથી. તે અંગે કોઇ વિચારણા કરવાની રહેતી નથી. જેથી તે સંજોગોમાં સમાજમાં કાયદાના શાસનનો સંદેશો જાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) આરોપીયો- (૧) માનાભાઇ બનાભાઇ પગી, ઉ.વ.૭૭ (૨) સોમાભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૫૨ (૩) રમણભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૪૨, (૪)

ભીખાભાઇ માનાભાઇ પગી, ઉ.વ.૩૯, તમામ રહે. ભમરા પગી ફળીયુ, તા.લુણાવાડા, જી. મહીસાગર નાઓને ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ના ગુના સબબ, ક્રીમી.પ્રો.કોડ ૨૪૮(૨) મુજબ તક્સીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામે આરોપી (૧) માનાભાઇ બનાભાઇ પગી, ઉ.વ.૭૭ (૨) સોમાભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૫૨ (૩) રમણભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૪૨, (૪) ભીખાભાઇ માનાભાઇ પગી, ઉ.વ.૩૯, તમામ રહે. ભમરા પગી ફળીયુ, તા.લુણાવાડા, જી. મહીસાગર નાઓને ઇ.પી.કો કલમ- ૫૦૬(૨) સાથે ૧૧૪ વંચાણે લઇ દરેકને છ(૬) માસની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપી (૧) માનાભાઇ બનાભાઇ પગી, ઉ.વ.૭૭ (૨) સોમાભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૫૨ (૩) રમણભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૪૨, (૪) ભીખાભાઇ માનાભાઇ પગી, ઉ.વ.૩૯, તમામ રહે. ભમરા પગી ફળીયુ, તા.લુણાવાડા, જી. મહીસાગર નાઓને ઇ.પી.કો. ૩૨૩ તથા ૧૧૪ મુજબ ૩ માસની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપી (૧) માનાભાઇ બનાભાઇ પગી, ઉ.વ.૭૭ (૨) સોમાભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૫૨ (૩) રમણભાઇ માનાભાઇ પગી, ઉ.આ.વ.૪૨, (૪) ભીખાભાઇ માનાભાઇ પગી, ઉ.વ.૩૯, તમામ રહે. ભમરા પગી ફળીયુ, તા.લુણાવાડા, જી. મહીસાગરને ઇ.પી.કો કલમ- ૫૦૪ અને જી.પી.એક્ટની કલમ- ૧૩૫ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામે આરોપીઓને સજા કરવામાં આવેલ હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૩૬૩ મુજબ જજમેન્ટની વીના મુલ્યે નકલ આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૧૮ મુજબનું જેલ વોરન્ટ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૩૮૯(૩) મુજબની અરજી મંજુર કરવામાં આવેલ હોય અપીલ પીરીયડ બાદ જો અપીન ન કરવામાં આવેલ હોય તો જ જેલ વોરન્ટ ભરવું.

આજરોજ તા. ૧૭ મી, માહે એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭ /૦૪/૨૦૨૬
લુણાવાડા

(પી.સી.સોની)
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
મું.લુણાવાડા, જી.મહીસાગર.
(જજ કોડ નં.જીજે૦૦૮૪૮)